પ્રીપેડ સ્માર્ટ મીટર લગાવનાર ગ્રાહકોને દર મહિને એનર્જી ચાર્જ પર વધુ 3%ની છૂટ મળશે

# સ્માર્ટ મીટર ગ્રાહકો માટે મોટી રાહત, સવારે 11થી સાંજે 5 વાગ્યા સુધીના વીજ વપરાશ પર યુનિટદીઠ 60 પૈસાની છૂટ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

હવે સ્માર્ટ મીટર ગ્રાહકોને વીજ બિલમાં બચતનો લાભ મળશે. ગુજરાત ઈલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન (GERC) દ્વારા તમામ સ્માર્ટ મીટર ગ્રાહકોને મોટી રાહત આપવામાં આવી રહી છે. GERC દ્વારા 'ટાઈમ ઓફ ડે' એટલે કે ToD ટેરિફ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. જે અંતર્ગત સવારે 11થી સાંજે 5 વાગ્યા સુધીના વીજ વપરાશ પર ગ્રાહકોને યુનિટદીઠ 60 પૈસાની છૂટ મળશે. આ યોજના દિવસ દરમિયાન વીજ વપરાશ વધારવા અને Peak Time દરમિયાન લોડ ઓછો કરવા માટે અમલમાં મૂકાઈ રહી છે.

તે ઉપરાંત પ્રીપેડ સ્માર્ટ મીટર લગાવનાર ગ્રાહકોને દર મહિને એનર્જી ચાર્જ પર વધુ 3%ની છૂટ આપવામાં આવી રહી છે. સ્માર્ટ મીટરથી બિલિંગ વ્યવસ્થા વધુ સચોટ બનશે અને ગ્રાહકોને સીધો આર્થિક લાભ મળશે.

દેશભરમાં અત્યાર સુધી 6 કરોડથી વધુ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. ગુજરાતમાં પણ 50 લાખથી વધુ સ્માર્ટ મીટર ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. જ્યારે એમજીવીસીએલના વિસ્તારમાં પણ 13 લાખથી વધુ સ્માર્ટ મીટર કાર્યરત છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર અને સેન્ટ્રલ ઈલેક્ટ્રીસિટી ઓથોરિટી (CEA) ની ગાઈડલાઈન મુજબ દેશભરમાં જૂના વીજ મીટરોને સ્માર્ટ મીટર થકી બદલવામાં આવી રહ્યા છે.




### શું લાભ મળશે?

- » મોબાઇલ એપ દ્વારા પોતાનો દરરોજનો વીજ વપરાશ જોઈ શકાશે
- » પોતાના વીજ વપરાશની પેટર્ન જાણીને વપરાશ કંટ્રોલ કરી શકાશે
- » ઓનલાઇન બિલ પેમેન્ટ અને ફરિયાદ કરવી સરળ બનશે
- » ડેઈલી વપરાશને મોનિટર કરીને વીજળીની બચતનું આયોજન કરી શકાશે
- » સેફ્ટી, પ્લાન્ડ પાવર સપ્લાઈ આઉટેઝ અને અનિયમિત વપરાશ જાણી શકાશે
- » ગ્રાહકને પોતાના વીજ વપરાશ-બિલિંગ અંગેની માહિતીની આધુનિક ડિજિટલ સેવા મળશે
- » ખોટા બિલની શક્યતા ઘટશે ફરિયાદ નોંધાવવી અને ટ્રેક કરવી સર

સરકારી જમીનો, વિશ્વામિત્રી કાંઠા અને તળાવો પાસે ઢગલા

# કાટમાળના ગેરકાયદે નિકાલ મામલે બિલ્ડિંગ અને સેનેટરી ઈન્સ્પેક્ટરોને નોટિસ

**અધિકારીઓની** બેદરકારી સામે કમિશનર અરુણ મહેશ બાબુ એક્શન મોડમાં



(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરમાં બાંધકામના કાટમાળના ગેરકાયદે નિકાલના વધતા બનાવોને લઈને મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ કડક વલણ અપનાવ્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં સરકારી જમીનો, વિશ્વામિત્રી નદીના કિનારાના વિસ્તારો તેમજ જાહેર તળાવો આસપાસ મોટા પ્રમાણમાં કાટમાળ ઠાલવવામાં આવી રહ્યો હોવાનું ધ્યાનમાં આવતા કમિશનરે બાંધકામ પરવાનગી વિભાગના તમામ બિલ્ડિંગ ઈન્સ્પેક્ટરો અને સોલિડ વેસ્ટ વિભાગના સેનેટરી ઈન્સ્પેક્ટરોને કારણદર્શક નોટિસ ફટકારી છે.

શહેરમાં ગેરકાયદે ડમ્પિંગને કારણે કિંમતી સરકારી જમીનો અને નદી કાંઠાના વિસ્તારો અનધિકૃત કાટમાળ સાઈટમાં ફેરવાઈ રહ્યા છે. અનેક મુખ્ય માર્ગો પર પણ દિવસો સુધી કાટમાળ પડ્યો રહેતા ધૂળ પ્રદૂષણમાં વધારો થઈ રહ્યો છે અને નાગરિકોના સ્વાસ્થ્ય પર તેની પ્રતિકૂળ અસર જોવા મળી રહી છે. સૌથી ગંભીર બાબત એ છે કે ગેરકાયદે રીતે ઠાલવાયેલા કાટમાળને દૂર કરવા માટે કોર્પોરેશનને લાખો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે.

મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે બાંધકામમાંથી નીકળતા કાટમાળનો વૈજ્ઞાનિક અને નિયમિત નિકાલ સુનિશ્ચિત કરવા અગાઉથી બિલ્ડિંગ ઈન્સ્પેક્ટરો, સોલિડ વેસ્ટ વિભાગ અને આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરોને જવાબદારી સોંપવામાં આવી હતી. તેમ છતાં ગેરકાયદે નિકાલની ઘટનાઓ ચાલુ રહેતા અધિકારીઓની કામગીરી સામે પ્રશ્નો ઊભા થયા છે. તેમણે ચેતવણી આપી હતી કે હવે આવી બેદરકારી સહન કરવામાં આવશે નહીં અને જવાબદાર અધિકારીઓ તથા તત્વો સામે વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# નટુભાઈ સર્કલ પાસે તેજ પવનથી મહાકાય વૃક્ષની મોટી ડાળી કડડભૂસ

**વડીવાડી** ફાયર સ્ટેશનના જવાનોએ પહોંચી ઝાડ હટાવવાની કામગીરી હાથધરી :



(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા શહેરમાં આજે તેજ પવનના કારણે નટુભાઈ સર્કલ પાસે મુખ્ય માર્ગ પર આવેલા વર્ષો જુના લીમડાના ઝાડની એક મોટી ડાળી એકાએક તૂટી પડતાં મોટી દુર્ઘટના ટળી હતી. સદનસીબે ઘટના સમયે રસ્તા પર કોઈ વાહન કે રાહદારી પસાર નહિ થતું હોવાથી જાનહાનિ થતા ટળી ગઈ હતી.

લીમડાનું વિશાળ ઝાડની ડાળી રસ્તા પર આડી પડી જતાં મુખ્ય માર્ગનો એક તરફનો રસ્તો સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. જેના કારણે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતાં જ વડીવાડી ફાયર સ્ટેશનના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બીજી તરફ આ ઘટનામાં કેટલાક વાયરો પણ તૂટી પડ્યા હોય જીઈબીની ટીમો પણ સ્થળ પર દોડી આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે કટર મશીનની મદદથી ઝાડને કાપી રસ્તા પરથી હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી હતી. ભારે જહેમત બાદ ઝાડને રસ્તા પરથી ખસેડી ટ્રાફિક પૂર્વવત કરાયો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ છેલ્લા બે દિવસથી શહેરમાં તેજ પવન ફૂંકાઈ રહ્યો છે, જેના કારણે આ ઝાડ જમીનદોસ્ત થયું હતું. સમયસર ફાયર બ્રિગેડ પહોંચી જતાં અને કોઈ વાહન પસાર ન થતું હોવાથી મોટી જાનહાનિ ટળી ગઈ હતી.

# રિયાસત લાઈફ સ્ટાઈલનો IPO આજે ખુલશે

વડોદરાઃ વડોદરાની પ્રીમિયમ એથનિક વેર બ્રાન્ડ રિયાસત લાઈફસ્ટાઈલ લિમિટેડનો IPO 18 જૂન, 2026થી ખુલશે અને 22 જૂન સુધી રોકાણકારો માટે ખુલ્લો રહેશે. કંપની બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ સાથે અપર પ્રાઈઝ બેન્ડ મુજબ 30.76 કરોડ ભંડોળ એકત્ર કરવાની યોજના ધરાવે છે. IPO હેઠળ 10 અંકિત મૂલ્યના 28.48 લાખ ઈક્વિટી શેર ઓફર કરાશે. શેરનો પ્રાઈઝ બેન્ડ 102થી 108 નક્કી કરાયો છે, જ્યારે લોટ સાઈઝ 1,200 શેરની રહેશે. ઈશ્યુમાંથી મળનારી રકમનો ઉપયોગ ચાર નવા શોરૂમ શરૂ કરવા, કાર્યકારી મૂડીની જરૂરિયાતો તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરાશે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ગૌરાંગ ગલીયાએ જણાવ્યું કે એથનિક અને સેલિબ્રેશન વેરની વધતી માંગને ધ્યાનમાં રાખી કંપની વિસ્તરણના નવા તબક્કામાં પ્રવેશી રહી છે. IPOના બુક રનિંગ લીડ મેનેજર માર્ક કોર્પોરેટ એડવાઈઝર્સ પ્રા. લિ. અને રજિસ્ટ્રાર સ્કાયલાઈન ફાઈનાન્શિયલ સર્વિસિસ પ્રા. લિ. છે.

નશાના કાળા કારોબાર પર SOG પોલીસની રેડ

# દત્તનગરમાંથી આલ્પ્રાઝોલમ, કોડીન સીરપ અને ટ્રામાડોલનો જથ્થો ઝડપાયો

**આજવા** રોડ વિસ્તારમાં દરોડા દરમિયાન નસીલી દવાઓ મળીને રૂ. 91 હજારથી વધુનો મુદ્દામાલ કબજે, એક આરોપી ઝડપાયો સપ્લાયર વોન્ટેડ



(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેર એસઓજીએ આજવા રોડના દત્તનગર વિસ્તારમાં આવેલા એક મકાન પર દરોડો પાડી નશાકારક કોડીનયુક્ત કફ સીરપ, ટ્રામાડોલ કેપ્સ્યુલ અને આલ્પ્રાઝોલમ ટેબ્લેટનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી એક આરોપીની ધરપકડ કરી રૂ. 96 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે, જ્યારે દવાઓ સપ્લાય કરનાર આરોપીને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે.

વડોદરા શહેરમાં નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરી અટકાવવા માટે ચાલી રહેલા અભિયાન દરમિયાન એસઓજીની પેટ્રોલિંગમાં ફરી રહી હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે આજવા રોડ સ્થિત સયાજીપાર્ક-દત્તનગર વિસ્તારમાં રહેતો સતનામસિંગ મગનસિંગ ઉર્ફે દયાલસિંહ સિકલીગર પોતાના મકાનમાં પ્રતિબંધિત નશાકારક કોડીન કફ સીરપ અને અન્ય નશાકારક દવાઓનો જથ્થો રાખી ગ્રાહકોને વેચાણ કરે છે.

બાતમીના આધારે એસઓજીની ટીમે એનડીપીએસ એક્ટ હેઠળ જરૂરી કાર્યવાહી કરીને મકાન પર રેઈડ કરી હતી. તપાસ દરમિયાન મકાનમાંથી 128 બોટલ કોડીન કફ સીરપ, ટ્રામાડોલ કેપ્સ્યુલ અને આલ્પ્રાઝોલમ ટેબ્લેટનો જથ્થો મળી આવ્યો હતો. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને એફએસએલ અધિકારીઓની પ્રાથમિક ચકાસણીમાં આ તમામ દવાઓ નશાકારક અને પ્રતિબંધિત હોવાનું સામે આવ્યું હતું. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે આરોપી સતનામસિંગે આ જથ્થો વાઘોડિયા રોડ વિસ્તારમાં રહેતા હિરલ અજીતભાઈ પંડયા પાસેથી ખરીદ કરી પોતાના ઘરે સંતાડી રાખ્યો હતો અને ગ્રાહકોને છૂટકમાં વેચાણ કરતો હતો. પોલીસે બંને સામે બાપોદ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

કોડીન કફ સીરપની 128 બોટલો, ટ્રામાડોલ કેપ્સ્યુલ, આલ્પ્રાઝોલમ ટેબ્લેટ, વેચાણની રોકડ રકમ, બે મોબાઈલ ફોન સહિત રૂ. 96 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે ઝડપાયેલા આરોપીના ગુનાહિત ઈતિહાસની પણ તપાસ હાથ ધરી છે.

# પાણીગેટ પાસે નશામાં ધૂત બાઈક ચાલકે વૃદ્ધને હવામા ભંગોળ્યા

**ગંભીર** રીતે ઘવાયેલા વૃદ્ધનું સારવાર દરમિયાન મોત



(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરાના પાણીગેટ પોલીસ સ્ટેશન નજીક પૂરઝડપે દોડી રહેલી બાઈકે 60 વર્ષીય વૃદ્ધને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. ઘટનાના પગલે પોલીસે બાઈકચાલકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ મંગળવારે સાંજે આશરે 7:30 વાગ્યે વૃદ્ધ રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે ઝડપી ગતિએ આવી રહેલી બાઈકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં તેમને માથા સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાસ્થળે હાજર લોકોએ તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

અકસ્માત સર્જનાર બાઈક પર બે યુવકો સવાર હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ બાઈકચાલક નશાની હાલતમાં હતો અને બેફામ ઝડપે વાહન ચલાવી રહ્યો હતો. ટક્કર બાદ સ્થાનિકોએ આરોપીને પકડી પોલીસના હવાલે કર્યો હતો.

વૃદ્ધના મોતથી પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે. પરિવારજનોએ જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. પાણીગેટ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

ચોમાસા પૂર્વે કમિશનરની અધ્યક્ષતામાં મળી મહત્વની રિવ્યુ બેઠક

# રસ્તાઓ પર પેચવર્ક ઝડપી કરવા આદેશ; સફાઈ સુદ્રઢ કરવા દરેક વોર્ડને મળશે હાઈટેક વેક્યુમ

**જેટીંગ** અને સુપર સકર મશીનો પણ હાજર રાખવા સૂચન



(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે બુધવારે શહેરના વિવિધ વિકાસ કાર્યો અને આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને એક ઉચ્ચ સ્તરીય રિવ્યુ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુની અધ્યક્ષતામાં મળેલી આ મહત્વપૂર્ણ બેઠકમાં શહેરમાં હાલ ચાલી રહેલા જુદા જુદા પ્રગતિ હેઠળના પ્રોજેક્ટ્સની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી અને તેને સમયસર પૂર્ણ કરવા માટે અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશો તેમજ મહત્વના સૂચનો આપવામાં આવ્યા હતા.

આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને આ બેઠકમાં ખાસ કરીને નાગરિકોની સુવિધા માટે રસ્તાઓની મરામત પર સૌથી વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. શહેરમાં હાલ જ્યાં પણ રસ્તાઓ બિસ્માર હાલતમાં છે અથવા ખોદકામ થયું છે, ત્યાં પેચ રોડ વર્કની કામગીરી અત્યંત ઝડપથી પૂર્ણ કરવા માટે કડક આદેશ અપાયા છે. આ ઉપરાંત, શહેરની સફાઈ વ્યવસ્થાને વધુ મજબૂત અને આધુનિક બનાવવા માટે હવે દરેક વોર્ડ સ્તરે વેક્યુમ મશીનો ઉપલબ્ધ કરાવવા અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. ચોમાસા દરમિયાન ડ્રેનેજ ચોકિંગ અને પાણી ભરાવાની સમસ્યા નિવારવા માટે જેટીંગ મશીન તેમજ સુપર સકર મશીન પણ દરેક વોર્ડમાં ફરજિયાતપણે હાજર રહે તેવા સૂચનો વહીવટી તંત્રને આપવામાં આવ્યા છે. તે સાથે જ જુદા જુદા ઝોનમાં કલ પુલ શરૂ કરવા માટેના પ્રયાસો પણ પાલિકા દ્વારા હાથ ધરાયા છે.

આ બેઠકમાં પરિવહન સુવિધા અને અન્ય જનહિતના કાર્યોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. શહેરમાં પ્રદૂષણ મુક્ત પરિવહનને વેગ આપવા માટે શરૂ કરાયેલી ઈ-બસ સેવા અંતર્ગત ગોતરી સબસ્ટેશન ખાતે પાવર ચાર્જિંગ સ્ટેશન સ્થાપિત કરી દેવામાં આવ્યા હોવાનું બેઠકમાં સત્તાવાર રીતે જણાવાયું હતું. આ સાથે જ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ અંતર્ગત આવતા આજુબાજુના પાંચ મહત્વના ગામોમાં નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવા માટે પાણી પુરવઠાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. સમગ્રતયા, પાલિકા તંત્ર દ્વારા આગામી ચોમાસામાં વડોદરાના નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે અને પ્રિ-મોન્સૂન કામગીરી સમયસર આટોપી લેવાય તે માટે યુદ્ધના ધોરણે આયોજન હાથ ધરી દેવાયું છે.

# ડિગ્રી એન્જિ. મોક રાઉન્ડ, ડોક્યુમેન્ટ-ફી જમા ન કરાવવા ACPCની તાકીદ

**39,645** વિદ્યાર્થીઓએ ચોઇસ ફિલિંગ કર્યું, 32,026ને કોલેજ ફાળવાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

રાજ્યમાં ડિગ્રી એન્જિનિયરિંગના પ્રવેશ માટે યોજાયેલા મોક રાઉન્ડના પરિણામ જાહેર થયા છે. આ વર્ષે મોક રાઉન્ડમાં ચોઈસ ફિલિંગમાં 39,645 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી 32,026 વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરવામાં આવી છે. ACPC દ્વારા વિદ્યાર્થીઓને તાકીદ કરવામાં આવી છે કે મોક રાઉન્ડની ફાળવણી બાદ કોલેજમાં ડોક્યુમેન્ટ જમા કરાવવા કે પૂર્ણ ફી ભરવાની જરૂર નથી.

ધો-12 પછી ડિગ્રી એન્જિનિયરિંગ પ્રવેશ માટે કુલ 45,480 વિદ્યાર્થીઓએ મેરિટમાં સમાવેશ કરાવ્યો હતો. આ પૈકી મોક રાઉન્ડમાં 39,645 વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને 32,026 વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી થઈ છે. પહેલા રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગની પ્રક્રિયા આગામી 22 જૂનથી શરૂ થશે, જેની ફાળવણી 25મી જૂને કરાશે. છેલ્લા એક દાયકામાં ચાલુ વર્ષે સૌથી વધારે વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન નોંધાયું છે. આ વર્ષે કુલ 47,256 વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જે વર્ષ 2016માં 47,049 વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન બાદ સૌથી વધુ છે. એક દાયકા પછી ફરીવાર ડિગ્રી એન્જિનિયરિંગમાં વિદ્યાર્થીઓનો રસ વધ્યો છે. એસીપીસીએ સ્પષ્ટતા કરી છે કે, મોક રાઉન્ડ માત્ર વિદ્યાર્થીઓની જાણકારી માટે હોય છે, જેથી અસલી રાઉન્ડ માટે નક્કર નિર્ણય લઈ શકાય. મોક રાઉન્ડમાં ફાળવેલી કોલેજમાં પ્રવેશ મળી ગયો છે, તેવી ગેરસમજ ન રાખવી. પહેલા રાઉન્ડ માટે આપેલી ચોઈસના આધારે આગામી 25મીના રોજ કોલેજની ફાળવણી થશે. જ્યાં સુધી ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોલેજમાં ડોક્યુમેન્ટ આપવાની કે સેમેસ્ટરની પૂરી ફી ભરવાની જરૂર નથી.

બાપોદમાં નવી ડિસ્ટ્રિક્ટ લાઇબ્રેરી અને 8 નવા વાહનોની ખરીદીનો પણ પ્રસ્તાવ

# વડોદરાના વિકાસ માટે રૂ.૧૫.૨૧ કરોડના વિવિધ કામોની સ્થાયીમાં દરખાસ્ત રજૂ

**ચોમાસા** પૂર્વે વૃક્ષ ટ્રિમિંગ અને પાણી પુરવઠા મજબૂત બનાવવા ખાસ આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના સર્વાંગી વિકાસ અને નાગરિક સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે આશરે 15.21 કરોડના વિવિધ વિકાસલક્ષી કામોની દરખાસ્ત આગામી સ્થાયી સમિતિની બેઠકમાં મંજૂરી માટે રજૂ કરવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ મજબૂત બનાવવા તેમજ નાગરિકોને વધુ સારી સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટોને એજન્ડામાં સ્થાન આપવામાં આવ્યું છે.

ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી કોર્પોરેશન દ્વારા પ્રી-મોન્સૂન કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ રહેણાંક વિસ્તારોમાં જોખમી અને નડતરરૂપ વૃક્ષોના ટ્રિમિંગ માટે જરૂરી ખર્ચની મંજૂરી મેળવવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરીથી ચોમાસા દરમિયાન વૃક્ષો પડવાથી સર્જાતી દુર્ઘટનાઓ અટકાવવામાં મદદ મળશે. સાથે જ શહેરના પાણી પુરવઠાને વધુ સક્ષમ બનાવવા માટે નિમેટા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતા વધારવા અને સરદાર એસ્ટેટ ચાર રસ્તાથી વિવિધ વિસ્તારો સુધી નવી પાણીની લાઈન નાખવાના મહત્વપૂર્ણ પ્રોજેક્ટને પણ મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત વડોદરા શહેરને પીવાનું પાણી પૂરું પાડતી મહીસાગર નદીમાંથી લેવામાં આવતા પાણીના જથ્થા બદલ ચૂકવવાપાત્ર રકમ અંગે પણ બેઠકમાં નિર્ણય લેવામાં આવશે. કોર્પોરેશનની વિવિધ કચેરીઓ અને ફિલ્ડ કામગીરીને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે 8 નવા વાહનોની ખરીદીનો પ્રસ્તાવ પણ ચર્ચા માટે મૂકવામાં આવ્યો છે.

શૈક્ષણિક અને જ્ઞાનલક્ષી માહોલને પ્રોત્સાહન આપવા બાપોદ વિસ્તારમાં આધુનિક સુવિધાઓથી સજ્જ નવી ડિસ્ટ્રિક્ટ લાઈબ્રેરીના નિર્માણની દરખાસ્ત પણ બેઠકના મુખ્ય એજન્ડામાં સામેલ છે. આ ઉપરાંત વિવિધ વિભાગોના વહીવટી ખર્ચ, નાગરિક સુવિધાઓ અને અન્ય વિકાસલક્ષી પ્રસ્તાવો અંગે વિસ્તૃત ચર્ચા બાદ અંતિમ મંજૂરી આપવામાં આવશે. સ્થાયી સમિતિના આ નિર્ણયો આગામી સમયમાં વડોદરાના વિકાસને નવી ગતિ આપશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પિતા અને ભાઈ દારૂના રુપિયાની માંગણી કરીને માર મારતા હોવાનો આક્ષેપ

# નશામાં ધૂત પિતા અને ભાઈ દ્વારા માતાની મારઝૂડ, રાજકોટથી આવેલી દીકરીએ બચાવી

**માતાએ** કહ્યું 15 દિવસ પછી લઈ જજે, નહીં તો તારા પિતા અને ભાઈ બધું વેડફી નાખશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

દારૂની લત કેવી રીતે એક પરિવારને વિખેરી શકે તેનું જીવંત ઉદાહરણ વડોદરાના બાપોદ વિસ્તારમાં સામે આવ્યું છે. દારૂનો નશો કરીને પિતા અને ભાઈ દ્વારા માતાને માર મારવા સાથે રોજિંદા અપાતા ત્રાસ આપવામાં આવતો હતો જેથી દીકરી પોતાની માતાને બચાવવા રાજકોટથી વડોદરા દોડી આવી હતી. જોકે પિતાએ જ ઘરમાં પ્રવેશવા ના પાડી દેતાં આખરે 181 અભયમ મહિલા ટીમની ની મદદ લેવી પડી હતી.

બાપોદ વિસ્તારમાં રહેતી એક મહિલાએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરીને જણાવ્યું હતું કે તેના પિતા અને ભાઈ દારૂના નશામાં રોજ તેને અને તેની માતાને મારપીટ કરે છે. મહિલા પેટ્રોલ પંપ પર નોકરી કરીને અને તેની માતા ઘરકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા, પરંતુ ભાઈ દારૂ પીવા માટે પૈસા માંગીને અવારનવાર ઝઘડા કરતો હતો.

પરિવારના સતત ત્રાસથી કંટાળીને મહિલાએ સોશિયલ મીડિયા મારફતે પ્રેમલગ્ન કર્યા હતા અને હાલ રાજકોટમાં સાસરીમાં રહે છે. તેમ છતાં તે નિયમિત રીતે પોતાની માતાની ખબર લેતી હતી. માતા પર પતિ અને પુત્ર દ્વારા થતા અત્યાચારની જાણ થતાં મહિલા પોતાના પતિ સાથે માતાને લેવા વડોદરા આવી હતી.

જોકે આ વાતની જાણ થતાં મહિલાના પિતાએ તેને ઘરમાં પ્રવેશવા દીધું નહોતું અને બહાર જ કાઢી મૂકી હતી. જેના પગલે મહિલાએ 181ની મદદ માગી હતી. અભયમ ટીમ સ્થળ પર પહોંચી માતા-દીકરીનું કાઉન્સેલિંગ કર્યું હતું.

કાઉન્સેલિંગ દરમિયાન માતાએ દીકરી સાથે જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, પરંતુ બેંકમાં મુકેલી બચત અને દાગીના અંગે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે, "હાલ હું નહીં આવું, 15 દિવસ પછી મને લેવા આવજે. નહીં તો તારો ભાઈ અને પિતા બધું દારૂમાં વેડફી દેશે." માતાની વાત સાંભળીને દીકરીએ 15 દિવસ બાદ ફરી આવવાની ખાતરી આપી હતી.

181 ટીમે મહિલાના પિતાનું પણ કાઉન્સેલિંગ કરીને પત્ની સાથે કોઈપણ પ્રકારની મારપીટ કે હેરાનગતિ નહીં કરવા ચેતવણી આપી હતી. સાથે જ ભવિષ્યમાં કોઈ સમસ્યા ઊભી થાય તો તરત જ 181 હેલ્પલાઈનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# દરેક પોલીસ સ્ટેશનમાં NDPS ટીમની રચના, ડ્રગ્સ માફિયાઓ સામે કડક કાર્યવાહી



**પ્રતાપનગર** તાલીમ કેન્દ્ર ખાતે પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની અધ્યક્ષતામાં વિશેષ તાલીમ યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરને નશામુક્ત બનાવવા માટે શહેર પોલીસ દ્વારા વધુ આક્રમક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ શહેરના તમામ પોલીસ સ્ટેશનોમાં ખાસ NDPS ટીમોની રચના કરવામાં આવી છે. ડ્રગ્સના વેપાર, સંગ્રહ અને સેવન સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે પ્રતાપનગર સ્થિત પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.


કાર્યક્રમમાં સંયુક્ત પોલીસ કમિશ્નર નિલેશ જાજડીયા, સુધીર દેસાઈ, વિવિધ ઝોનના ડીસીપી, એસીપી, થાણા અધિકારીઓ, પીએસઆઈ અને પોલીસ કર્મચારીઓ હાજર રહ્યા હતા. તાલીમ દરમિયાન NDPS એક્ટ હેઠળની કાર્યવાહી, સર્ચ-સીજર, તપાસની પદ્ધતિ, એફઆઈઆરથી લઈને ચાર્જશીટ સુધીની કાયદાકીય પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ વર્ષ 2025 દરમિયાન NDPS એક્ટ હેઠળ 48 ગુનાઓ નોંધાયા હતા, જ્યારે 2026માં અત્યાર સુધી 11 કેસ નોંધાયા છે. શહેરમાં ડ્રગ્સ સંબંધિત કોઈપણ ગેરકાયદે પ્રવૃત્તિ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી કડક કાર્યવાહી કરવામાં આવશે.

પ્રજાના ટેક્સના પૈસાનું પાણી કરતા ભ્રષ્ટ તત્વોને કોના આશીર્વાદ?

# પંચવટી કેનાલ રોડ પર ગણતરીના દિવસોમાં ગટરના ઢાંકણો તૂટતાં મોટી હોનારતની આશંકા

**હલકી** ગુણવત્તાના કામથી વાહનચાલકોના જીવ જોખમમાં મૂકાતા સ્થાનિકોમાં ભારે રોષ



(પ્રતિનિધિ) વડોદરાતા.17

સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા વડોદરા શહેરમાં પ્રજાના ટેક્સના પૈસાનો કેવો બેફામ દુરૂપયોગ અને વેડફાટ થઈ રહ્યો છે તેનો વધુ એક જીવતો જાગતો નમૂનો સામે આવ્યો છે. શહેરમાં કરોડોના ખર્ચે બનતા રસ્તાઓ થોડા જ સમયમાં બિસ્માર બની જવાની પરંપરામાં વધુ એક કિસ્સો ઉમેરાયો છે, જેમાં પંચવટી કેનાલથી રૂબી સર્કલ ઉંડેરા સુધીનો નવનિર્મિત રોડ વિવાદના વમળમાં ફસાયો છે. હજુ માંડ દોઢથી બે મહિના પહેલા જ તૈયાર કરાયેલા આ ચકચકાટ રોડ પર નાખવામાં આવેલી વરસાદી લાઈનની ઉપરના ૪થી ૫ જેટલા ગટરના ઢાંકણ અત્યારથી જ વેરવિખેર થઈને તૂટી જતાં કોન્ટ્રાક્ટરની નિકૃષ્ટ કામગીરી અને ભ્રષ્ટાચાર સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, કોન્ટ્રાક્ટર દ્વારા વાપરવામાં આ વેલું મટીરિયલ એટલું હલકી ગુણવત્તાનું છે કે તૂટી ગયેલા આ ઢાંકણોને માત્ર હાથ લગાવતાની સાથે જ તેના પોપડા ઉખડી રહ્યા છે. સિમેન્ટ અને લોખંડના નામે માત્ર વેઠ ઉતારવામાં આવી હોય તેવું સ્પષ્ટ દેખાઈ આવે છે. આ રોડ અત્યંત વ્યસ્ત હોવા થી દિવસ-રાત નાના-મોટા વાહનો અને રાહદારીઓની સતત અવરજવર રહે છે. આવા ધમધમતા રસ્તા પર ખુલ્લા અને તૂટેલા ઢાંકણોને કારણે ગમે ત્યારે કોઈ મોટો અકસ્માત સર્જાઈ શકે છે અથવા તો કોઈ નિર્દોષ વાહનચાલકનો જીવ જઈ શકે તેવી ભયજનક સ્થિતિ નિર્માણ પામી છે. સ્થાનિક જનતામાં એ વાતને લઈને ભારે આક્રોશ છે કે વડોદરાની ભોળી પ્રજાને મૂર્ખ બનાવીને તિજોરીઓ ભરતા આવા ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો પર આખરે કોના ચાર હાથ છે? હજુ ચોમાસું બરાબર જામ્યું પણ નથી અને બે મહિના જૂનો રોડ જો આ સ્થિતિમાં આવી ગયો હોય, તો સ્માર્ટ સિટી વડોદરાનો વિકાસ કઈ દિશામાં જઈ રહ્યો છે તે નાગરિકો માટે મોટો ચિંતાનો વિષય બન્યો છે.